અપીલ અરજી નં.૨૫૬ તા.૧૨-૧૨-૦૮/૦૯

અરજદારઃ શ્રી ચિત્રેશકુમાર મહેન્દ્રપ્રસાદ દેસાઈ
સામાવાળાઃ ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચિત્રેશકુમાર મહેન્દ્રપ્રસાદ દેસાઈની તા.૫-૧૧-૦૮ની અરજીથી તા.૧૪-૨-૦૮ તથા તા.૧૭-૪-૦૮ના રોજ આકારણી વિભાગમાં નામ ફેર કરવા કરેલ અરજી સબંધમાં શું કાર્યવાહી કરી તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૨-૧૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૫૬/૨૦૦૮-૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી ચિત્રેશકુમાર મહેન્દ્રપ્રસાદ દેસાઈની તા.૫-૧૧-૦૮ની અરજીથી તા.૧૪-૨-૦૮ તથા તા.૧૭-૪-૦૮ના રોજ આકારણી વિભાગમાં નામ ફેર કરવા કરેલ અરજી સબંધમાં શું કાર્યવાહી કરી તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિ બાદ કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨-૧૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૭૨ તા.૧૮-૧૨-૦૮ થી ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામા આવેલ. જેના અનુસંધાને તેઓ કક્ષાએથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૯૯ તા.૫-૧-૦૯ થી પૂરક વિગતો અત્રે મોકલી આપેલ છે. જે અનુસાર અરજદારની તા.૫-૧૧-૦૮ ની અરજીથી માંગેલ અરજદારની તા.૧૪-૨-૦૮ ના રોજ નોર્થઝોન આકારણી ખાતામાં કરેલ નામફેર કરવા બાબતની અરજી તથા તા.૧૭-૪-૦૮ ના રોજ આકારણી વિભાગમાં કરેલ અરજી સબંધમાં શું કાર્યવાહી કરી? અરજી કયા સ્ટેજ પર છે? અરજી એઆરઓ એ દબાવી રાખેલ છે તે બાબતે સાચી હકીકત શું છે? વિગેરે બાબતની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૬૭૧ તા.૨૪-૧૨-૦૮ થી અરજદારને પત્ર પાઠવી માહિતી પૂરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે જે અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને તા.૧-૫-૦૮ ના રોજ આધારભુત પ્રમાણિત પુરાવાઓ રજુ કરવા જણાવવામાં આવેલ જે અરજદાર નિયત સમય મર્યાદામાં રજુ કરી શકયા ન હોય, પત્રમાં જણાવ્યા મુજબ દિન-૧૫ બાદ અરજદારની અરજી આપોઆપ દફતરે થાય છે તે માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારે તા.૧-૫-૦૮ ના રોજ લખેલ પત્રની નકલ તેમજ તે મોકલેલ પુરાવાની વિગતો અત્રે રજુ કરેલ નથી. અરજદારને આરટીઆઈ હેઠળ પૂરી પાડેલ માહિતીનો પત્ર નિયત સમય અવધિ કરતાં લગભગ ૧૮ દિવસના વિલંબથી પુરી પાડવામાં આવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે માંગેલ માહિતી પૈકી નામફેર કરવા બાબતની કાર્યવાહી નાગરીક અધિકાર પત્ર હેઠળ સમાવિષ્ટ થતી કામના નિકાલની કાર્ય પધ્ધતિ અને નિકાલના ધોરણને સ્પર્શતી માહિતી આરટીઆઈ કાયદાની કલમ-૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં પણ સમાવેશ થાય છે તે પ્રકારની છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને લગભગ ૧૮ દિવસના વિલંબથી અપીલ અરજી થયા બાદ ખાતાના તા.૧-૫-૦૮ ના પત્રનો હવાલો આપી આપોઆપ દફતરે થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતી તેમની તા.૧૪-૨-૦૮ તથા તા.૧૭-૪-૦૮ ની અરજીઓ બાબતે કચેરી કક્ષાએ નિકાલની પ્રક્રિયા અને તબકકા અંગે અરજી દફતરે થઈ ત્યાં સુધીની તબકકાવાર દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ-૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન-૭ માં અરજદારને પુરી પાડવા ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને (નોર્થઝોન) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૧ -૦૯.

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન),.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચિત્રેશકુમાર મહેન્દ્રપ્રસાદ દેસાઈ